ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સૌથી લોકપ્રિય કલ્ચરલ ફોરમની નવરાત્રિ આ વર્ષે પણ નહીં યોજાય

**કોરાનાની ત્રીજી લહેરના ઝળુંબતા ખતરાને અનુલક્ષી કલ્ચરલ ફોરમે યોગ્ય નિર્ણય લીધો : કોરોનાને જાકારો આપી આગામી વર્ષે શાનદાર અને ભવ્ય નવરાત્રિ ઉજવીશું : નગરજનોને વેક્સિનના બન્ને ડોઝ લઇને સુરક્ષિત રહેવા અનુરોધ : બીજી લહેરના મૃતકોના પરિવારજનો પ્રત્યે કલ્ચરલ ફોરમના સભ્યોએ સંવેદના અનુભવી શ્રધ્ધાંજલિ અર્પણ કરી**




ગાંધીનગર તા ૧૬

કાતિલ કોરોનાનુ સંક્રમણ હાલ કાબુમાં છે પરંતુ હજુ ત્રીજી લહેરનો ખતરો માથે જળુંબી રહ્યો છે. ત્યારે કોરાનાના સંક્રમણથી બચવા માટે સતર્કતા અનિવાર્ય છે. આવા સંજોગોમાં છેલ્લા બે વર્ષથી ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવતી નથી જયારે આ વર્ષે પણ કોરોનાને કાયમી જાકારો આપવાની પ્રાર્થના સાથે તેમણે સંસ્થા દ્વારા નવરાત્રિ મહોત્સવની ઉજવણી નહીં કરવામાં આવે તેવો નિર્ણય જાહેર કર્યો છે. આ તબક્કે તેમણે બીજીલહેરમાં જીવ ગુમાવેલા નગરના સ્વજનો પ્રત્યે પણ સંવેદના અનુભવી તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રિ સમગ્ર ગુજરાતમાં લોકપ્રિય છે ત્યારે આદ્યશકિતની ભકિતના આ પર્વની આગામી વર્ષે શાનદાર અને ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવશે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.

કાતિલ કોરોના સામેની લડત દરમિયાન છેલ્લા બે વર્ષથી વિવિધ તહેવારોની ઉજવણીને પણ ગ્રહણ લાગ્યુ છે. કોરોનાની બીજીલહેરમાં નગરના અનેક આગેવાનો તેમજ સક્રીય નાગરિકોએ તેમના જીવ ગુમાવ્યા છે. આવા સંજોગોમાં કોવિડની ત્રીજી લહેરનો ખતરો પણ માથે જળુંબી રહ્યો છે. જેને ધ્યાને લઇ કોવિડની લડત સામે સરકાર અને સમાજે પણ સજ્જતા કેળવી છે. આ સ્થિતિને અનુલક્ષી નગરમાં નવરાત્રિ મહોત્સવનુ આયોજન બિલકુલ સલાહભર્યુ નથી. જનહીતને ધ્યાનમાં રાખીને ગાંધીનગર કલ્ચરલ ફોરમે આ વર્ષે પણ નવરાત્રિ મહોત્સવનુ આયોજન નહીં કરવાનો નિર્ણય લીધો છે.ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે મા આદ્યશકિતની આરાધનાનુ પર્વ નવરાત સમગ્ર રાજયમાં આનંદ ઉલ્લાસપુર્વક ઉજવાય છે. નવરાત્રી દરમિયાન રાસ ગરબામાં ભારે ખૈલેયાઓ તેમજ ગરબાપ્રેમીઓ ઉમટી પડે છે. યુવક યુવતિઓ મનમુકીને આ શકિતની ભકિતના પર્વમા ઉત્સાહભેર ગરબે ધુમતા નજરે પડે છે. ત્યારે કોરોનાના સંક્રમણના ખતરા વચ્ચે રાસગરબામાં કોરોનાની જરૂરી ગાઈડલાઈનનુ પાલન કરવાનુ અસંભવ છે. જેથી જન આરોગ્યના હીતમાં સંસ્થાએ નવરાત્રિ મહોત્સવની ઉજવણીનુ આયોજન નહીં કરવા માટે નિર્ણય લીધો છે. આ તબક્કે તેમણે કોરોનાની બીજીલહેર દરમિયાન નગરે અનેક આગેવાનો તેમજ સક્રીય નાગરિકોએ જીવ ગુમાવ્યા હોવાનુ દુખ વ્યકત કરી તેમના પરિવારજનો માટ સંવેદના અનુભવતા શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. ગાંધીનગરના નાગરિકોની આરોગ્ય સુખાકારી જળવાય સ્વસ્થ રહે તેવી પ્રાર્થના સાથે તેમણે નગરજનોને વેક્સિશનના બંન્ને ડોઝ લઈને કોરોના સામે રક્ષણ મેળવવા પણ અનુરોધ કર્યો હતો. આગામી વર્ષે નવરાત્રિ મહોત્સવની શાનદાર અને ભવ્ય ઉજવણી કરવા માટે તેમણે ગરબા પ્રેમીઓ અને નગરજનોને કોરોનાની ત્રીજીલહેરને અટકાવી કાયમી જાકારો આપવા પણ પ્રાર્થના કરી હતી.

# જિલ્લાની કોરોનામુક્ત બનવા તરફ ગતિ

**શહેરમાં એક પણ દર્દી સારવાર હેઠળ નથી : ગ્રામ્ય વિસ્તારમાં એક દર્દી સારવાર હેઠળ : ધન્વન્તરી રથના સ્કીનીંગમાં ૪૩૧૨ તાવના, ૬૮૨૪ શરદીના, ૫૩૮૭ ખાંસીના અને ૮૦૭ શ્વાસના દર્દીઓને શહેરમાં સારવાર અપાઈ**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં છેલ્લા દસ દિવસમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી અને શહેરમાં હાલ એક પણ દર્દી સારવાર હેઠળ ન હોવાથી શહેર કોરોનામુક્ત બનવા તરફ ગતિ કરી રહ્યુ છે.

ગત વર્ષે માર્ચમાં દેખાયેલા કેસ પછી શહેરમાં કોરોનાની બન્ને લહેર દરમ્યાન ૯૦૭૩ કેસ નોંધાયા હતા.

શહેરમાં કોરોનાને લઈ આજ સુધીમાં ૨,૭૫,૪૭૮ લોકોના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ અને ૧,૯૩,૪૧૨ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે.

શહેરમાં ૧૫ ધન્વન્તરી રથ મારફતે જુદા જુદા સ્લમ વિસ્તારમાં સ્કીનીંગ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૮,૧૫,૧૬૧ જેટલા લોકોનું સ્કીનીંગ કરવામાં આવ્યુ છે. જેમાંથી ૪૩૧૨ તાવ, ૬૮૨૪ શરદી, ૫૩૮૭ ખાંસી, ૮૦૭ શ્વાસના દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

ધન્વન્તરી રથ મારફત ૭૬૪૭૮ આયુર્વેદિક તેમજ ૯૪૬૨૦ને હોમીયોપેથિક દવાઓનું વિતરણ કરવામાં આવેલ છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા એક સપ્તાહથી વધુ સમય સુધી એક પણ કેસ કોરોનાનો નોંધાયો નથી. ગ્રામ્યમાં હાલ ૧ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૬૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## જિલ્લામાં ૯૮૩૯ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં આજે ૯૮૩૯ લોકોને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮૨૨૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્યવિસ્તારમાં અત્યાર સુધીમાં ૭,૬૯,૮૬૪ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૬,૧૦,૦૯૧ લાભાર્થીને પ્રથમ ડોઝ અને ૧,૫૯,૭૭૩ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૬૧૮ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. શહેર-જિલ્લામાં ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં સારો પ્રતિસાદ જોવા મળી રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૧ જેટલા ગામોમાં વેક્સિનેશનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.

# શહેરની આંતર માળખાકીય સુવિધાઓનું મજબુતીકરણ કરવામાં આવશે : ડૉ. ધવલ પટેલ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરનો આગામી દિવસોમાં આંતર માળખાકીય સુવિધાઓથી સુજજ્જ કરી દેવામાં આવશે તે



અંગેની કટિબદ્ધતા મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે ૧૫મી ઓગષ્ટના પ્રવચનમાં વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે બગીચાઓનું રિનોવેશનની કામગીરી દિપાવલી પર્વ પહેલાં પૂર્ણ કરી દેવામાં આવશે. સ્માર્ટ રોડ બનાવવાની કામગીરી જે હાલ પ્રગતિ હેઠળ છે તે ટૂંકમાં જ સંપન્ન કરી દેવાશે.

સે. ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૧૭ અને ૧૯ ના આંતરિક રસ્તાઓનું રિસરફેસીંગ કામ પણ ઝડપથી પૂર્ણ કરાશે. સેક્ટરોના એપ્રોચ રોડ રૂ. ૩૧ કરોડના ખર્ચે ચાર માર્ગીય કરવાની કામગીરી સ્માર્ટ સીટી યોજના હેઠળ હાલ પ્રગતિ હેઠળ છે.

ઔડા વિસ્તારની ટી.પી. સ્કીમો જે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ થઈ છે તેમાં રૂ. ૧૪ કરોડના ખર્ચે સી.સી. રોડ અને ડામર રોડના કામ હાથ ધરવામાં આવશે. સે. ૨૧- ૨૨ અને સે. ૨૨-૨૩ જંકશન પર અન્ડરપાસ બનાવવાની કામગીરી પણ આગામી દિવોસમાં શરૂ કરવામાં આવશે.

રૂ. ૩ કરોડના ખર્ચે ભાટ, ઝુંડાલ, વાવોલ, રાંધેજા, કોટેશ્વર અને સરગાસણના રસ્તાઓના રિસરફેસીંગની કામગીરી કરવામાં આવી છે.

અંબાપુર-પોર ગામને નર્મદાનું પાણી પહોંચાડવાની યોજનાની કામગીરી ગુડા દ્વારા હાથ ધરવામાં આવી છે. તેમજ રૂ. ૧.૬૧ કરોડના ખર્ચે કુડાસણ-રાંદેસણ, વાસણા હડમતિયા ગામ સુધી વોટર સપ્લાયની મુખ્ય લાઈન પણ ગુડા દ્વારા નાખવામાં આવશે.

રૂ. ૧૭ કરોડથી વધુના ખર્ચે કોલવડામાં, ૫.૩૫ કરોડના ખર્ચે અમિયાપુરમાં, રૂ. ૧૨.૮૭ કરોડના ખર્ચે પોરમાં ડ્રેનેજ લાઈન તેમજ ખુટતી પાણીની લાઈન નાખવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે આ વર્ષે વરસાદી પાણી જમીનમાં ઉતરે તે માટે રૂ. ૫ કરોડના ખર્ચે ૫૦ જેટલા રિ-ચાર્જ વેલ બનાવવામાં આવશે.

કુડાસણમાં અદ્યતન સુવિધા સાથેનો ટાઉનહોલ બનાવવામાં આવશે. પેથાપુર, રાંધેજા, કોલડવા ખાતે પણ નર્મદાનું પાણી પહોંચાડવા માટે ૧૩.૫૦ કરોડનું આયોજન કરવામાં આવ્યુ છે.

## ટાઉનહોલના રીનોવેશનના પ્રોજેકટનુ ટેન્ડર આખરે મંજુર

**બે વર્ષથી ટાઉનહોલ બંધ હાલતમાં : હવે ઝડપથી કામ પુર્ણ થાય તેવી કલાકારોની માંગણી : બે મહિનાથી ટેન્ડર મંજુરીની પ્રક્રીયા પણ અટવાઇ હતી**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર ટાઉનહોલના રીનોવેશનનુ કામ આખરે હાથ ધરાશે. છેલ્લા બે મહીનાથી ગોથે ચઢેલી ટેન્ડર પ્રક્રીયા આખરે પુર્ણ થઇ છે. ટાઉનહોલના રીનોવેશનનુ ટેન્ડર મંજુર થતા હવે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે મરણપથારીએ પડેલા ટાઉનહોલને નવા રૂપરંગ આપવા માટે અંદાજિત રૂ ૨૦ કરોડનો ખર્ચ કરાશે. છેલ્લા ઘણાં સમયથી ટાઉનહોલના રીનોવેશનની યોજનાને અંજામ આપવામાં વિલંબ થતો હતો જયારે હવે ઝડપથી આ કામ પુર્ણ થશે તેવી આશા પણ બંધાઈ છે.

ગાંધીનગરમાં એકમાત્ર ટાઉનહોલ છે. જયારે છેલ્લા પાંચ વર્ષથી ટાઉનહોલ જાળવણીના અભાવે કંગાળ બન્યો છે. ટાઉનહોલ જોખમી હાલતમાં હોવાથી આખરે બે વર્ષથી હોલને ભાડે આપવાનુ પણ તંત્રએ બંધ કર્યુ છે. સ્ટેજ પર ઉંદર બિલાડી આંટા મારતા થયા બાદ છતમાંથી પોપડા ખરતા ભયજનક ટાઉનહોલ આખરે બંધ કરી દેવાયો હતો. બીજીતરફ ટાઉનહોલના રીનોવેશનની યોજના પણ તૈયાર કરી દેવામાં આવી હતી પરંતુ કોરોના કાળમાં ટાઉનહોલની કામગીરી અન્વયે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરાઈ ન હતી જેના લીધે બે વર્ષથી બંધ ટાઉનહોલ આજે પણ યથાવત સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. જોખમી ટાઉનહોલને નવા રૂપરંગ આપવા તેમજ અદ્યતન બનાવવા માટે અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરવાનુ આયોજન છે. ત્યારે ટાઉનહોલની ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી હતી. જેના અંતે ટાઉનહોલની સુધારણાનુ ટેન્ડર છેલ્લા બે મહીનાથી એક થી બીજા વિભાગમાં ગોથે ચઢયુ હતુ. જો કે લાંબા સમયના અંતે આખરે ટાઉનહોલના ટેન્ડરને મંજુરી

● અનુસંધાન પાન-૭ પર

## જાહેરાત

**શ્રી સ્વામી સચિદાનંદ બ્રહ્મ ભવન, સે.૧૬**

મેનેજમેન્ટ - મંડપ ડેકોરેટર્સ માટે ૩વર્ષ માટે આપવાનો છે વાર્ષિક ૧૭.૫૦ થી શરુ ● બેઝમેન્ટ, ગ્રાઉન્ડ, ૧૦ રૂમો.
રસ ધરાવતી એજન્સીજી સીલબંધ કવરમા દીન ૭મા પોસ્ટ દ્વારા મોકલવા અથવા રુબરુ સંપર્ક કરવો.
સેક્ટર નં ૧૬ રંગમંચ સામે.
સંપર્ક : ૯૮૨૪૮૫૧૦૩૯

શ્રી પિનાકીનભાઇ રાવલ, પ્રમુખ — નરેશ દવે, મહામંત્રી

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# રાજયમાં આગામી ૨૧ ઓગષ્ટથી વરસાદ થવાની સંભાવના : અંબાલાલ પટેલ

**આગામી રવિવારથી ઉત્તર મધ્ય ગુજરાતમાં વરસાદ થવાની સંભાવના : ગાંધીનગર અમદાવાદ સહીતના વિવિધ વિસ્તારમાં પણ હળવો ભારે વરસાદ થશે : દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ એક થી બે ઇંચ સુધી વરસાદ થશે**

ગાંધીનગર તા ૧૬

બંગાળના ઉપસાગરમાં સાનુકુળ સ્થિતિ ઉભી થતા હવે ધીમે ધીમે ગુજરાતમાં વરસાદ આવવાની સંભાવના પ્રબળ બની છે. આગામી તા ૧૮ થી ૨૪ ઓગષ્ટ દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત અને તા ૨૧ થી ૨૮ ઓગષ્ટ દરમિયાન ગાંધીનગર અમદાવાદ સહીત ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં પણ એક થી બે ઈંચ જેટલો વરસાદ થવાની સંભાવના છે. તેમ જાણીતા જયોતિષી અંબાલાલ પટેલે જણાંવ્યુ છે.

વરસાદ ખેંચવાથી રાજયના ખેડુત ભાઈઓ ચિંતામાં છે. આ વખતના ચોમાસામાં રાજયના મોટાભાગમાં નદીનાળા છલકાઈ જાય તેવો વરસાદ નથી. આથી જળાશયો તેમજ કુવાના પાણી અને ટ્યુબવેલનુ સ્તર ઉંડા જવાની સંભાવના છે. સારો વરસાદ થાય તો જ પાણીના તળ ઉંચા આવે. વરસાદ અંગે અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરનુ વહન સક્રીય થાય તો જ વરસાદ સારો આવશે. આ વખતે આજની તારીખમાં બંગાળમાં ઉપસાગરનુ વહન સક્રીય થતા આંધ્રપ્રદેશમાં વરસાદ થઈને વરસાદનો ટ્રેન્ડ ગુજરાત તરફ આવવાની સંભાવના છે. ઉપરાંત દક્ષિણ ભારતમાં પણ અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરમાં હલચલ થતી ન હતી તે હવે સાનુકુળ સ્થિતિ થતા હવાના હળવા દબાણ ઉભા થશે અને અરબી સમુદ્રનો ભેજ અને બંગાળાના ઉપસાગરના વહનના લીધે ગુજરાતમાં સારો વરસાદ તા ૧૮ થી ૨૪ દરમિયાન આવી જશે. જેમાં તા ૧૮ ઓગષ્ટના દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ થવાની સંભાવના છે. આહવા , ડાંગ વલસાડ ,નવસારી , સુરત બારડોલીના ભાગોમાં સારો વરસાદ થવાની સંભાવના છે. તા ૨૧ થી ૨૩ માં ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં સારો વરસાદ થવાની સંભાવના છે. જેમાં અરવલ્લી, સાબરકાંઠાના ભાગો પ્રાંતિજ, હીંમતનગર, ઈડરના કેટલાક વિસ્તારમાં ઉપરાંત ઉત્તર ગુજરાતમાં મહેસાણાના ભાગો સિધ્ધપુર, વિસનગર, વડનગર, પાટણ, સમી , હારીજ, બેચરાજીના ભાગો કડીના વિસ્તારોમાં સારો વરસાદ થવાની સંભાવના છે. આ ઉપરાંત વિરમગામના કેટલાક ભાગોમાં વરસાદ ઓછો છે ત્યાં વિરમગામ, વડગાઠ, વડી , ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં વરસાદ થવાની શક્યતા રહેશે. નવરંગપુરા, પાટડી દસાડાના ભાગમાં પણ સારો વરસાદ થશે. આ ઉપરાંત માંડલમાં પણ વરસાદ આવશે. કચ્છના ભાગોમાં પણ વરસાદ થશે. દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં તેમજ પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ થશે. જેમાં પોરબંદર , જામનગર, બરડા ડુંગરના ભાગો , જુનાગઢના ભાગો તેમજ સોરઠના અન્ય વિસ્તારમાં ગોહીલવાડના ભાગમાં પણ વરસાદ વરસશે. તા ૧૮ અને ૧૯ દક્ષિણ ગુજરાતના ભાગો , તા ૨૦ થી ૨૪ ઉત્તર મધ્ય ગુજરાત સહીત ગુજરાત સૌરાષ્ટ્રના ભાગો ઉપરાંત તા ૨૫ થી ૨૮ ઓગષ્ટ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

## હર હર મહાદેવ....



'હર હર મહાદેવ....' શ્રાવણ મહિનો એટલે ભોળા શંભુને પૂજવાનો અવસર. ભાવિકો આ માસમાં ઉપવાસ કરી ભોળા શંભુને રીઝવવાનો પ્રયાસ કરે. તેમાંય સોમવાર હોય એટલે ભક્તિનું રીતસર ઘોડાપૂર ઉમટે. બીલીપત્ર, દૂધ, પાણી અને અન્ય ચીજવસ્તુઓનો અભિષેક કરી ભોળાનાથને પૂજવામાં ભક્તો લીન બને. મહાદેવના મંદિરોમાં ભક્તોની લાંબી કતારો લાગે. શ્રાવણ મહિનાના બીજા સોમવારે ઐતિહાસિક મહત્વ ધરાવતા ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે ભાવિકો ઉમટી પડ્યા હતા. સેક્ટર-૫ ના શિવમંદિર ઉપરાંત અન્ય શિવાલયોમાં ભાવિકોનો મેળો જામ્યો હતો અને હર હર મહાદેવ...ના નારા ગુંજી ઉઠ્યા હતા.




www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2015 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality | Kisan® | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com